Received on : 05-06-2026
Registered on : 05-06-2026
Decided on : 15-06-2026
Duration : Y M D
- - 10

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં. ૪૬૨/૨૦૨૬.**

આંક-

**અરજદાર.** પિયુષ ઉર્ફે કાળો હરસુખભાઈ હીરપરા,
ઉ.વ.આ.૩૪, ધંધો-ખેતી,
રહે. સુખપુર ગ્રામ, ગ્રામ પંચાયતની બાજુમાં,
તા.જી.જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ.

**સંદર્ભ :-** જૂનાગઢ એ.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૨૫૨૬૦૨૯૩/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી જે.આર.જોષી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.ડી.જી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: હ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ એ.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૨૫૨૬૦૨૯૩/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.ડી.જી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૬ થી તપાસ કરનાર અમલદાર શ્રી એસ.કે.ડામોર, પોલીસ સબ ઈન્સપેકટર, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી જે.આર.જોષીનાઓએ રજુઆત કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે જૂનાગઢ એ.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૨૫૨૬૦૨૯૩/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. હાલના કામના અરજદાર/આરોપીનું એફ.આઈ.આર.માં નામ રહેલ છે. વધુમાં એફ.આઈ.આર. વંચાણે લેતા બે જણા પોલીસને જોઈ નાસી ગયેલ તેવું જણાવેલ છે. તેમજ તે ભાગી જનાર ઈસમોની ઓળખ આપનાર એ.એસ.આઈ. ગીરૂભા વાઘેલાનાઓ રહેલ છે. આ કામે રેડનો સમય જોવામાં આવે તો, વહેલી સવારના ૪.૧૫ વાગ્યાનો રહેલ છે. જેથી તે સમયે અંધારૂ હોય જેથી સામાન્ય રીતે આટલા અંધારામાં કોઈ વ્યકિતને ઓળખી બતાવેલ તેવું માની શકાય નહી.

વધુમાં હાલના કામના અરજદાર/આરોપીના નામનું ખેતર નથી કે, હાલના કામે અરજદાર/આરોપીએ ભાગીયામાં ખેતર રાખેલ હોય તેવું નથી. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ અરજદાર/આરોપી સામે એક ગુનો નોંધાયેલ હોવાનું જણાવેલ છે. જે પોકસો એકટ હેઠળનો છે. આ કામે પ્રોહીબીશનના દારૂનો કુલ જથ્થો ધ્યાને લેતા ૪,૮૦,૦૦૦/– નો રહેલ છે. આ કામના અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. હાલના કામનો ગુનો જે.એમ.એફ.સી.ટ્રાયબલ છે. આ કામે અરજદાર/આરોપી સામે કોઈપણ ગુનો નોંધાયેલ ન હોય જેથી હાલના કામના અરજદાર/આરોપીને પોલીસ ઓળખી શકે નહી. હાલના કામના અરજદાર/આરોપી જુનાગઢના રહેવાસી છે. જેથી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. આમ, હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.ડી.જી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી લગત વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામે રેડવાળી જગ્યાએ આ કામના અરજદાર/આરોપી તથા અન્ય આરોપી પોલીસને જોઈને નાસી ગયેલ હતા. તેમજ આ કામે રેડવાળી જગ્યાએથી કુલ ૪,૮૦,૦૦૦/– નો પ્રોહીબીશનનો મુદદામાલ પકડાયેલ છે. આ કામે અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જેથી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ તથા તપાસ કરનાર અધિકારી શ્રી એસ.કે.ડામોર, પોલીસ સબ ઈન્સપેકટર, તાલુકા પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું આંક–૦૬ નું સોગંદનામુ વંચાણે લીધુ. આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપી નં.૧ તથા આરોપી નં.૨ રમેશ ઉર્ફે રોકી લાખાભાઈ ભારાઈ ગેરકાયદેસર ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ

અલગ બ્રાન્ડની દારૂની બોટલો જેમાં અંકલ ટોમ મીન્ટ એન્ડ જાંબુન ફ્લેવર્ડ વોડકા ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ–૧૯૨૦ જેની કિં.રૂા.૩,૮૪,૦૦૦/– તથા ગ્રે વુલ્ફ જાંબુન ઈમીન્ટ વોડકા નાની ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ–૪૮૦ જેની કિં.રૂા.૯૬૦૦૦ એમ કુલ રૂપિયા ૪૮૦૦૦૦ ના મુદદામાલનું વેચાણ અર્થે કટીંક કરતા રેઈડ દરમ્યાન સ્વરાજ કંપનીના બ્લુ કલરના ટ્રેકટર જેની કિં.રૂા.૩૦૦૦૦૦ તથા બજાજ કંપનીની સીટી ૧૦૦ રજી.નં.જીજે.૧૧.બી.કે.૫૩૬૬ જેની કિં .રૂા.૨૦૦૦૦ એમ કુલ રૂપિયા ૮૦૦૦૦૦ નો પ્રોહી મુદદામાલ સ્થળ ઉપર મુકી નાસી જઈ ગુનો કરેલ છે.

ત્યારબાદ તપાસ દરમ્યાન હાલના કામના અરજદાર/આરોપી પકડાઈ જતા તેઓ હાલ જયુડી.કસ્ટડીમાં રહેલ છે.

(૬) હાલના કામનું રેકર્ડ ઘ્યાને તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ જોવામાં આવે તો હાલના કામના અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપી તથા અન્ય આરોપી રમેશનાએ ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની દારૂની નાની ૧૮૦ એમ.એલ.ની કુલ ૨૪૦૦ બોટલો મુદદામાલને વેચાણ અર્થે કટીંગ કરતા હોય તે વખતે પોલીસ આવી જતા રેડ દરમ્યાન ભાગી ગયેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીનું એફ.આઈ.આર.માં પ્રથમથી નામ રહેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં ગુજરાત રાજય દારૂબંધી હોવા છતાં મોટા પ્રમાણમાં પરપ્રાંતીય દારૂનો જથ્થો ગુજરાતમાં લાવવામાં આવેલ છે. આમ, ગુજરાત રાજયમાં પ્રોહીબીશનનો કાયદા સખત આવેલ હોવા છતા દિનપ્રતિદિન આવી ગેરકાયદેસરની પ્રવૃતિ વધી જવા પામેલ છે. વધુમાં આ કામે રેકર્ડ ઘ્યાને લેતા મુદદામાલ દારૂનો જથ્થો સોહનલાલ બાબુલાલએ તેના ડ્રાઈવર મારફતે ભાડે ફોરવ્હીલ કારમાં જુનાગઢ

ખાતે આરોપી નં.ર રમેશ ઉર્ફે રોકી લાખાભાઈ ભારાઈના કહેવાથી આપી ગયેલ હોવાનું ખુલવા પામેલ છે. આમ, હાલના કામના ગુનાની તપાસ ચાલુ છે. વધુમાં પ્રોહીબીશન દારૂના સેવનથી સામાન્ય માણસ પોતાની કમાણીનો મોટોભાગ આવા વ્યસનમાં વાપરી નાખે છે અને તે કારણસર તેના કુટુંબમાં જરૂરી વસ્તુ માટે સંઘર્ષ કરવો પડતો હોય છે અને તે કારણસર તે વ્યકિતના કુટુંબના સભ્યો કે બાળકોનું જીવનધોરણને પણ ખુબ મોટી અસર કરે છે. ઘણા કિસ્સામાં આવી કુટેવથી પીડાતી વ્યકિતના બાળકો ભોજન પણ મેળવી શકતા નથી કે શાળામાં અભ્યાસ કરવાથી વંચિત રહી જાય છે. તેમજ ઘણા કિસ્સાઓમાં આવા દારૂનુ સેવન કર્યા બાદ વ્યકિત પોતાની પત્ની કે ઘરના‌ા બાળકોને મારઝુડ કરી તકરાર કરતી હોય છે તે કારણસર ગુનાનું ખુબ મોટું સ્વરૂપ ઉદભવવવા પામે છે. વધુમાં દારૂના સેવનથી વ્યકિત પોતે તો બરબાદ થાય જ છે પણ સાથેસાથે તેનું આખું કુટુંબ પણ બરબાદ થઈ જાય છે. વધુમાં તાજેતરમાં નસીલા પ્રવાહીનું સેવન કર્યા બાદ ખુબજ જઘન્ય પ્રકારના ગુનાહિત કૃત્યને અંજામ આપવામાં આવતું હોય છે. આમ, આવા પ્રકારનું નસીલું દ્રવ્ય એક પ્રકારે વ્યકિતને ગુનો આચરવામાં પ્રોત્સાહીત કરે છે અને સારા નરસાનો નિર્ણય લેવામાં પણ અવરોધરૂપ બને છે. આમ, હાલના કામનો ગુનો ધ્યાને લેતા સમાજ વિરોધી તો રહેલ છે સાથેસાથે દેશમાં રહેલ નાગરીકોના સ્વાસ્થ્ય સાથે છેડા થાય છે. જેથી આવી પ્રવૃતિ દેશ વિરોધી પ્રવૃતિ ગણાય. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ:–</u>**

– હાલના અરજદાર/આરોપી પિયુષ ઉર્ફે કાળો હરસુખભાઈ હીરપરા, રહે. સુખપુર ગ્રામ, ગ્રામ પંચાયતની બાજુમાં, તા.જી.જુનાગઢવાળાની જૂનાગઢ એ.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧ર૦૩૦રપર૬૦ર૯૩/ર૦ર૬, પ્રોહીબીશન એકટની કલમ–૬પ(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(ર) મુજબના ગુનાના કામની ભારતીય

નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી 'નામંજુર' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૫/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)